# અમરેલીમાં ઘર આંગણે રમતા બાળકને દબોચી દીપડો ભાગ્યો

## પરિવારે બુમાબુમ કરતાં જીવ બચ્યો, ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાળક સારવાર હેઠળ; વન વિભાગે પાંજરા ગોઠવ્યા



અમરેલી:અમરેલી જિલ્લામાં દીપડાના માનવ પરના હુમલાઓમાં સતત વધારો થઇ રહ્યો છે. ત્યારે ખાંભાના હનુમાનપુરમાં વધુ એક હુમલાની ઘટના સામે આવી છે. ગઈકાલે મોડી સાંજે ઘર આંગણે રમી રહેલા એક બે વર્ષના બાળકને લઈને દીપડો ભાગ્યો હતો. જોકે, પરિવારે બુમાબુમ કરતાં દીપડો બાળકને મૂકીને ભાગી ગયો હતો. બાળકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.આ ઘટના અંગે મળતી માહિતી મુજબ ખાંભા તાલુકાના હનુમાનપુર ગામની સીમમાં રમણીકભાઈ બોડાની વાડીમાં ભાગ્યા તરીકે રહેતા પરેશભાઈના પરિવારના સભ્યો વાડીમાં હાજર હતા ત્યારે બાજરીના પાકમાંથી અચાનક દીપડો બહાર આવ્યો હતો. તેણે ત્યાં રમી રહેલા બે વર્ષના ઈશ્વર પરમાર નામના બાળક પર ઝંપલાવી હુમલો કર્યો હતો.

બાળક પર હુમલો થતો જોઈ પરિવારના સભ્યોએ તરત જ ચીસો પાડી અને દોડ્યા હતા. પરિવારની આ સમયસરની હિંમત અને સતર્કતાને કારણે દીપડો બાળકને છોડીને ભાગી ગયો હતો, જેનાથી એક મોટી દુર્ઘટના ટળી હતી અને બાળકનો જીવ બચાવી શકાયો હતો. ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રમાં લઈ જઈ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ તેને વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. હાલ તબીબોના જણાવ્યા અનુસાર બાળકની તબિયત સ્થિર છે.ઘટનાની જાણ થતા જ વનવિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. વનવિભાગ દ્વારા પાંજરા ગોઠવી દીપડાને પાંજરે પૂરવા માટે અલગ-અલગ ટીમો રચી સર્ચ કામગીરી શરૂ કરવામાં આવી છે. સાથે જ ગામ અને આસપાસના વિસ્તારોમાં પેટ્રોલિંગ પણ વધારવામાં આવ્યું છે. આ ઘટનાને પગલે હનુમાનપુર ગામ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.ખાંભા તુલસીશ્યામ રેન્જ વનવિભાગે ખેડૂતો અને ગ્રામજનોને રાત્રિના સમયે ખાસ સાવચેત રહેવા, બાળકોને એકલા બહાર ન મૂકવા અને કોઈ પણ વન્યપ્રાણીની શંકાસ્પદ હલચલ જણાય તો તાત્કાલિક વનવિભાગને જાણ કરવા અપીલ કરી છે.

# ઉનામાં બે સગીર બહેનપણીનું અપહરણ:પોલીસે અપહરણ અને પોક્સો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી

ઉના:ઉના પંથકમાં અભ્યાસ અર્થે જતી બે સગીર બહેનપણીઓનું અપહરણ થતાં ચકચાર મચી ગઈ છે. પોલીસે આ મામલે બે યુવકો વિરુદ્ધ અપહરણ અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, ઉનાના ગ્રામ્ય વિસ્તારમાંથી બે સગીર બહેનપણીઓ ઉના ખાતે અભ્યાસ કરવા આવતી હતી. ગામનો એક યુવાન અને અન્ય ગામનો એક યુવાન છેલ્લા દોઢ માસથી તેમનો પીછો કરી રહ્યા હતા. આજે જ્યારે બંને બહેનપણીઓ રિક્ષામાં શાળાએ જઈ રહી હતી, ત્યારે આ બંને યુવકોએ તેમનું અપહરણ કર્યું હતું.

રિક્ષા ચાલકે આ અંગેની જાણ એક યુવતીના પિતાને કરી હતી. પિતાએ પુત્રીની માતાને પૂછતાં તેમણે દીકરી શાળાએ ગઈ હોવાનું જણાવ્યું હતું. બાદમાં સગીરાના માતા-પિતા અને સગા-સંબંધીઓ ઉનાની શાળાએ દોડી આવ્યા હતા. તપાસ કરતાં જાણવા મળ્યું કે બંને બહેનપણીઓ શાળાએ પહોંચી જ નહોતી. પરિવારજનોએ તાત્કાલિક શોધખોળ શરૂ કરી હતી.

થોડા સમય બાદ, બંને બહેનપણીઓ નજીકના એક ગામ પાસેથી તેમના પરિવારજનોને મળી આવતા હાશકારો થયો હતો. પરિવારજનોએ તેમને પૂછપરછ કરતાં, સગીરાઓએ તેમની સાથે બનેલી હકીકત જણાવી હતી.આ ઘટના બાદ, સગીરાના પરિવારજનોએ ઉના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંને આરોપી યુવકો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૩૭(૨), ૭૮(૧)૫૪, તથા પોક્સો એક્ટની કલમ ૧૨, ૧૭, ૧૮ હેઠળ ગુનો દાખલ કર્યો છે. પોલીસે આરોપીઓને ઝડપી પાડવા માટે વધુ તપાસ અને કાર્યવાહી હાથ ધરી છે.

# હેમાળ નજીક વધુ એક કાર માટીના પાળા સાથે અથડાઈને ખાળીયામાં ખાબકી



અમરેલી:ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર જાફરાબાદના હેમાળ નજીક ફરી એક અકસ્માત સર્જાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં આ બીજો બનાવ છે. આ અકસ્માતમાં એક કાર માટીના પાળા સાથે અથડાઈને પલટી મારી ગઈ હતી, જોકે સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. જિલ્લામાં છેલ્લા ચાર દિવસમાં કોન્ટ્રાક્ટરોની બેદરકારીના કારણે આ પ્રકારના ચાર અકસ્માત થયા છે જેમાં બે વ્યક્તિના મોત પણ થયા છે.

અકસ્માતની આ ઘટના જાફરાબાદના હેમાળ અને છેલણા ગામ વચ્ચે આ ઘટના બની હતી. હાઈવે પર માટીનો પાળો હોવાને કારણે એક કાર ચાલકે નિયંત્રણ ગુમાવ્યું હતું અને પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં એક સ્ની કારને ભારે નુકસાન થયું હતું. ઘટના બાદ ક્રેનની મદદથી કારને હાઈવે પરથી હટાવવામાં આવી હતી. ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર અનેક જગ્યાએ માટીના પાળા હોવાથી વારંવાર અકસ્માતો સર્જાઈ રહ્યા છે.

આ હાઈવે વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ રહ્યો છે. સ્થાનિક લોકોમાં તંત્રની બેદરકારી સામે રોષ જોવા મળી રહ્યો છે. હાઈવે પરથી આવા માટીના પાળા તાત્કાલિક હટાવવામાં આવે તેવી લોકમાગ ઉઠી છે. લોકો સવાલ કરી રહ્યા છે કે શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે ?જિલ્લામાં રસ્તા અને પુલના મોટાભાગના કામોમાં સાઈનબોર્ડ લગાવવામાં આવતા જ નથી અને જ્યાં લગાવવામાં આવે છે તે ખોટી જગ્યાએ લગાવાય છે. કેટલાક સાઈનબોર્ડ તો તૂટીફૂટી ગયેલી હાલતમાં નજરે પડે છે. જેમાં રાત્રિના સમયે પ્રકાશ પણ રિફ્લેક્ટ થતો નથી. આ બેદરકારી અકસ્માતનું કારણ બની રહી છે.

# મચ્છુન્દ્રી નદી કાંઠે બીમાર દીપડીનું રેસ્ક્યુ દરમિયાન મોત

## વન વિભાગ સારવાર માટે ખસેડે એ પહેલા અશક્ત હાલતમાં દીપડીએ જીવ ગુમાવ્યો



ઉના:ગીર ગઢડા તાલુકાના દ્રોણ ગામ નજીક મચ્છુન્દ્રી નદીના કાંઠે એક બીમાર માદા દીપડીનું રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન મોત નીપજ્યું હતું. વન વિભાગની ટીમે દીપડીને સારવાર માટે ખસેડવાનો પ્રયાસ કર્યો ત્યારે તેણે જીવ ગુમાવ્યો.

છેલ્લા કેટલાક દિવસથી આ દીપડી નદી કિનારે જોવા મળતી હતી. ત્યાંથી પસાર થતા લોકો તેને જોઈને દૂર જતા રહેતા હતા, કારણ કે તે હુંકાર કરતી હતી. જોકે, લાંબા સમય સુધી એક જ જગ્યાએ રહેતા લોકોએ તેની અશક્ત હાલત નોંધી હતી.આ અંગે જસાધાર વન વિભાગના આર.એફ.ઓ. એલ.બી. ભરવાડને જાણ કરવામાં આવતા, તેઓ તાત્કાલિક રેસ્ક્યુ ટીમ સાથે દ્રોણ ગામે મચ્છુન્દ્રી નદીના કિનારે પહોંચ્યા હતા. સ્થળ પર નિરીક્ષણ કરતા દીપડી અત્યંત બીમાર અને અશક્ત હાલતમાં હોવાનું જણાયું હતું.

દીપડી એટલી નબળી હતી કે તે ઊભી પણ થઈ શકતી ન હતી. વન વિભાગની ટીમે તેને સારવાર અર્થે ખસેડવા માટે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરતા જ દીપડીનું મોત થયું હતું.

વન વિભાગે દીપડીના મૃતદેહને જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે પી.એમ. માટે ખસેડ્યો હતો. આર.એફ.ઓ. એલ.બી. ભરવાડે જણાવ્યું હતું કે દીપડીની ઉંમર આશરે ૧૧ વર્ષ હતી અને પ્રાથમિક તારણ મુજબ ગંભીર બીમારીને કારણે તેનું મોત થયું છે.

# બાઈક અને પીકઅપ વાન વચ્ચે અકસ્માતમાં યુવકનું મોત થયું

અમરેલી:અમરેલીના મોટા ગોખરવાળા નજીક બાઈક અને પીકઅપ વાન વચ્ચે અકસ્માતમાં યુવકનું મોત નિપજ્યું હતું. અકસ્માતની આ ઘટનામાં યુવકના મોતથી પરિવારમાં આક્રંદ સવાયો હતો. આ અંગે પીકઅપ વાનના ચાલક સામે અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.અમરેલીના મોટા ગોખરવાળામાં રહેતા શૈલેષભાઈ વિનુભાઈ કથિરીયા તેનું બાઈક નંબર જી.જે.૨૭-એ.બી-૩૧૪૪ લઈને વાડીએ આંટો મારવા જતા હતા. ત્યારે મોટા ગોખરવાળા ગામથી સોનારીયા જતા રોડ પર કોઝવે પાસે પીકઅપ વાન નંબર જી.જે.૦૩.એ.એક્સ-૪૪૦૮ ના ચાલકે પુરપાટ ઝડપે ચલાવી બાઈક સાથે અકસ્માત કર્યો હતો.આ ઘટનામાં શૈલેષભાઈને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયા ગોખરવાળામાં રહેતા શૈલેષભાઈનું ગંભીર ઈજાના કારણએ મોત થયું હતું.

# એક સમયે પ્રભાસક્ષેત્રમાં ૧૬ સૂર્ય મંદિરો હતાં, હવે માત્ર ૪ બચ્યાં

## હાલ પ્રભાસપાટણ, સુત્રાપાડા, ભીમદેવળ, ઉંબામાં સૂર્યમંદિરો હયાત



પ્રભાસપાટણ: કડકડતી ઠંડીની વચ્ચે ઉતરાયણ પર્વ આવી પહોંચ્યું છે. ખાસ કરીને સૂર્ય સંક્રાન્તના દિવસે મકર રાશિમાં પ્રવેશ કરે છે, આ અવસરને ઉતરાયણ કહેવામાં આવે છે. સૂર્યને જ્યોતિષ વિદ્યામાં અયન કહેવામાં આવે છે. સૂર્ય મકરસંક્રાન્તથી દક્ષિણ દિશામાથી ખસતા ખસતા ઉતર દિશા તરફ પ્રયાણ કરે છે જેને ઉતરાયણ કહેવામાં આવે છે. વર્ષ દરમિયાન સૂર્ય બે ગતિ કરે છે એક ઉતરમાં ઉતરાયણ અને બીજી દક્ષિણમાં દક્ષિણાયન થાય છે. સૂર્યને આદિદેવ તરીકે પૂજવામાં આવે છે. એક જમાને પ્રભાસક્ષેત્રમાં ૧૬ સૂર્યમંદિરો હતા. હવે એમાંથી કાળક્રમે પ્રભાસપાટણ, સુત્રાપાડા, ભીમદેવળ અને ઉંબામાં છે.

વેદોમાં પણ સૂર્યપૂજાનું મહત્વ ખૂબ જ અંકાયું છે. હાલ જેવી રીતે દેવોના મંદિરો છે એમ સૂર્યના પણ અનેક મંદિરો હતા. જેના જીવતા જાગતા ઉદાહરણો જગન્નાથપુરી નજીક કોણાર્ક સૂર્ય મંદિર અને મોઢેરા સૂર્યમંદિર છે. સૌરાષ્ટ્રમાં સૂરજ દેવળ ખાતે પણ સૂર્યમંદિર છે. આવી જ રીતે હાલના સમયમાં સોમનાથમાં ત્રિવેણી માર્ગ પર સાગરાદિત્ય સૂર્યમંદિર હયાત છે. આવી જ રીતે તાલાળા નજીક ભીમદેવળમાં પર્ણાદિત્ય સૂર્યમંદિર સીમમાં આવેલું છે. આ મંદિર નવમી સદીનું છતવાળુ પ્રવેશદ્વાર ધરાવતું સૂર્યમંદિર છે. જેમાં પ્રવેશદ્વારે સૂર્યપત્ની રજની અને નિશપ્રભાની ઉભેલી પ્રતીમાઓ છે. આ ઉપરાંત ગીરસોમનાથ જિલ્લામાં ઉંબા ગામ પાસે આદિત્ય સૂર્યમંદિર આવેલું છે. આ પૈકી હાલ ત્રિવેણી નદીના કાંઠે સાગરાદિત્ય સૂર્ય મંદિર અને સૂત્રાપાડામાં મુળ સૂર્યમંદિર કંઈક સારી સ્થિતિમાં છે. અગાઉ પ્રભાસક્ષત્રમાં પ્રાંચીના ગાંગેચા ગામ પાસે , ખોરાસા નજીક મકલ સૂર્યમંદિર, સોમનાથમાં ચિત્રાદિત્ય સૂર્યમંદિર બ્રહ્મકુંડ પાસે જે ભાટિયા ધર્મશાળા પાસે હોવાનું કહેવાય છે, જે હાલ નથી. આ ઉપરાંત પ્રભાસક્ષેત્રમાં રાજભટ્ટાક સૂર્યમંદિર, નાગરાદિત્ય સૂર્યમંદિર, નંદાદિત્ય સૂર્યમંદિર, કંકોટ કાક સૂર્યમંદિર, દુર્વા આદિત્ય સૂર્યમંદિર, બાલાર્ક સૂર્યમંદિર, બકુલાદિત્ય સૂર્યમંદિર નારદાદિય સૂર્યમંદિર અસ્તિત્વમાં હતા.

# પૂજા દરમિયાન ૧૨ ફૂટ લાંબો અજગર નીકળ્યો!



ગીર સોમનાથ:ગીર જંગલમાં આવેલા પૌરાણિક ત્રિલિંગમ મહાદેવ મંદિરે એક અનોખી ઘટના બની. માધુપુર ગીર અને બોરવાવ ગીરના શિવભક્તો પૂજા કરવા પહોંચ્યા હતા, ત્યારે ૧૨ ફૂટ લાંબો અજગર દેખાયો હતો.અજગરને જોઈને ભક્તોમાં ભયનો માહોલ સર્જાયો હતો, પરંતુ તેમની શિવભક્તિ અડગ રહી.

અજગર પૂજા દરમિયાન ધીમે ધીમે પસાર થઈ જંગલમાં ચાલ્યો ગયો, અને ભક્તોએ નિર્ભયતાથી પૂજા ચાલુ રાખી.આ મંદિર ગીર જંગલના દુર્ગમ વિસ્તારમાં આવેલું છે, જ્યાં સરસ્વતી અને કરકરી નદીઓનો સંગમ થાય છે. નદીઓ ઓળંગીને ટેકરા પર આવેલા આ મંદિરે પહોંચવા માટે ગાઢ જંગલમાંથી પસાર થવું પડે છે. આ મંદિરમાં એક જ થાળામાં ત્રણ શિવલિંગ બિરાજમાન છે, તેથી તે આદિકાળથી ત્રિલિંગમ મહાદેવ તરીકે ઓળખાય છે.

માધુપુર ગીરના શિવભક્ત સંદીપ સૂચકે જણાવ્યું કે, તેઓ પાંચ મિત્રો સાથે શિવ પૂજા માટે ગયા હતા. તેમણે કહ્યું કે, "અજગર હોય કે કોઈપણ સરીસૃપ, તે ભગવાન મહાદેવનો શણગાર હોય એવી આસ્થા સાથે અમે પૂજા ચાલુ રાખી હતી.

# પાસના પૈસા ભરવા છતાં બસ ન મળતા બગસરા ડેપોમાં પોણી કલાક ચક્કાજામ



બગસરા:બગસરા ડેપોનો દિવસેને દિવસે વહીવટ કથળતો જતો હોય તેવું લાગી રહ્યું છે. જયારે સોમવારે અમરેલી અપડાઉન કરતા વિધાર્થીઓ તેમજ નોકરિયાત લોકોમાં ભારે રોષ જોવા મળયો હતો. આ લોકોએ અનેક વખત ડેપોના અધિકારીઓ તેમજ ડેપો મેનેજરને રજુઆત કરી હતી કે અમો કાયમી અપડાઉન કરતા હોઈએ છીએ. જેથી અમારા માટે નિયમિત બસ મુકવામાં આવે. જેનાથી પાસ ધારાકોની સગાવડતા સચવાઈ રહે. ૩૦ લોકો કાયમી આવન જવાન કરી શકીયે તેના માટે એક બસ ફાળવવામાં આવે. પરંતુ તંત્રની ઘોર બેદરકારીના લીધે અમારે કાયમી માટે હેરાન થવું પડે છે.જયારે અમોએ પુરા મહિનાનો પાસ કઢાવી લીધેલ હોય તેમ છતાં અમારે રૂપિયા આપીને અન્ય વાહનોમાં જવાની ફરજ પડે છે. સવારે ૮:૩૦ વાગ્યે અપડાઉન કરનારા લોકોને બસ મળે છે પરંતુ આ બસ અવારનવાર બસ બંધ રાખવામાં આવતા અને વિધાર્થીઓ તેમજ નોકરિયાત લોકોને અન્ય બસ ન ફાળવતા તેઓ રોષે ભરાયા હતા અને અધિકારીને જાણ કરી હતી. અધિકારી તરફથી સંતોષકારક જવાબ ન મળતા બસ રોકો આંદોલન કરવામાં આવ્યું હતું. જયારે પોણી કલાક સુધી એસટી બસને ડેપોમાં પ્રવેશ આપવા કે ડેપોની બહાર નીકળવા દીધેલ ન હતી. અંતે તંત્ર દ્વારા ઝુકીને બસ ફાળવવામાં આવી હતી.તેમના માટે બસ મૂકી આપવાના હતા. અન્ય રૂટમાં બસ ગયેલ હતી. આવે એટલે બસ અમરેલી માટે મુકવાના હતા. ડ્રાયવરને બસ મુકવા કહી દેવામાં પણ આવ્યું હતું. તેમ છતાં તેના ટાઈમે બસ ઉપાડવા કહી આંદોલન કરવામાં આવ્યું હતું. આવું આંદોલન કરી એસટીને બદનામ કરવાનો પ્રયાસ કરાયો છે.


